~~અસ્વીકરણ: સ્થાનિક ભાષામાં અનુવાદીત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહીં. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.~~

**અસ્વીકરણ:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**DISCLAIMER:** The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation

---

~~ડબલ્યુ.પી.પી.આઈ.એલ.૧૩૩૨૦૧૪સીજે૧૦.ડોક~~

ગુજરાત વડી અદાલતમાં અમદાવાદ ખાતે

રિટ અરજી (પી.આઈ.એલ.) ક્રમાંક ૧૩૩ ~~સન~~/ ૨૦૧૪

મંજૂરી અને હસ્તાક્ષર માટે:

| | |
|---|---|
| માનનીય મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી ભાસ્કર ભટ્ટાચાર્ય | ~~હસ્તા./-~~એસ.ડી./- |
| માનનીય શ્રી ન્યાયાધીશ જે.બી. પારડીવાળા | એસ.ડી./- |

==========================================

===============

| | | |
|---|---|---|
| ૧ | શું સ્થાનિક અખબારોના ~~અહેવાલનવિસો~~રિપોર્ટરોનેને ચુકાદો જોવાની મંજૂરી આપવામાં આવી શકે? | હા |
| ૨ | રિપોર્ટરને સંદર્ભ માટે મોકલવું કે નહીં? | હા |

| | | |
|---|---|---|
| ૩ | લોર્ડશીપ્સ ચુકાદાની સ્વચ્છઉચિત નકલ જોવાની ઈચ્છા રાખે છે કે કેમ? | ના |
| ૪ | શું આ મામલામાં ભારતના સંવિધાન, ૧૯૫૦ ની વ્યાખ્યા અંગેનો કોઈ સારગર્ભિત કાયદાનો પ્રશ્ન અથવા તેના હેઠળ કરવામાં આવેલ કોઈ આદેશ સંકળાયેલ છે? | ના |
| ૫ | શું તે સિવીલ જડ્જ નાગરિક ન્યાયાધીશને પરિપત્રિત પરિભ્રમિત કરવામાં આવવાનું છે? | ના |

==========================================================

સાપરા દિલીપ ભરતભાઈ

વિરુદ્ધ

ગુજરાત રાજ્ય તથા અન્યઓ.

==========================================================

ઉપસ્થિતિહાજરી:

અરજદાર(ઓ) ક્રમાંક ૧ માટે સુશ્રી સોનલ ડી વ્યાસ, વકીલ, પ્રતિવાદી ક્રમાંક ૧ માટે શ્રી પાર્થ ભટ્ટ, સહાયક સરકારી વકીલ, પ્રતિવાદી નં−૧ માટે ઓ

સામાવાળાઓ-નં.ક્રમાંક ૨ – ૩, ૫ માટે શ્રી પ્રકાશાંત જી દેસાઈ, વરિષ્ઠ વકીલ સાથે શ્રી કૌશલ ડી પંડ્યા, વકીલ,

-શ્રી શાલિન મહેતા, વરિષ્ઠ વકીલ સાથે શ્રી દક્ષય ડી પટેલ અને શ્રી વેણુગોપાલ પટેલ, પ્રતિવાદી નં. ૪ માટે

વકીલ શ્રી સત્યજીત એ. દેસાઈ સાથે શ્રી ઉદયન પી. દેસાઈ પ્રતિવાદી નં. ૬ માટે

==========================================================

ન્યાયાસન: માનનીય મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી ભાસ્કર ભટ્ટાચાર્ય
અને

માનનીય શ્રી ન્યાયમૂર્તિ જે.બી. પારડીવાળા

તારીખ : ૧૪/૦૭/૨૦૧૪

ચુકાદો અનામત

(દ્વારા: માનનીય મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી ભાસ્કર ભટ્ટાચાર્ય)

૧. આ જાહેર હિતની વિવાદિકા દ્વારા, રિટ–અરજદારે તા. ૧૭મી જાન્યુઆરી ૨૦૧૪ના તે ઠરાવને રદ કરવા માટે પ્રાર્થના કરી છે, જેના દ્વારા પ્રતિવાદી નં. ૨, સુરત મહાનગરપાલિકા [આગળથી મહાનગરપાલિકા તરીકે ઉલ્લેખિત] ને પ્રતિવાદી નં. ૪, મેસર્સ યુનિક કન્સ્ટ્રક્શન કંપની સાથે, ઉધના મગદલ્લા માર્ગ પર અનુવ્રતદ્વાર જંકશન અને કેનાલ રોડ જંકશન ખાતે સુરત બી.આર.ટી.એસ. તબક્કો ૨ માટે ૨/૩ લેન ફ્લાયઓવરનું બાંધકામ કરવા અંગે કરાર કરવા સશક્ત બનાવવામાં આવેલ છે.

૨. આ જાહેર હિતની વાદમાં રિટ–અરજદારની ફરિયાદ એવી છે કે પસંદ કરાયેલા કોન્ટ્રાક્ટર, પ્રતિવાદી ક્રમાંક ૪ – મેસર્સ યુનિક કન્સ્ટ્રક્શન કંપની, સુરતને કરાર ફાળવવામાં આવ્યો ન હોવો જોઈએ, કારણ કે પસંદ કરાયેલ કોન્ટ્રાક્ટર ટેન્ડર સૂચનામાં નિર્ધારિત કરાયેલ આવશ્યક લાયકાતો પણ ધરાવતો નથી।

૩. ટેન્ડરની શરતો અનુસાર, ટેન્ડરની પ્રક્રિયામાં ભાગ લેવા માટે નીચે દર્શાવેલ લાયકાતો આવશ્યક છે:–

> "૩.૧ અનુભવ અ ]અરજદારે પુરાવો રજૂ કરવો પડશે કે તેની ફર્મ છેલ્લા ૭ વર્ષ દરમિયાન મુખ્ય ઠેકેદાર/ભાગીદાર તરીકે ફ્લાયઓવર અને પુલોના નાગરિક બાંધકામ કાર્યોમાં સક્રિય રીતે સંકળાયેલી રહી છે. ઉપઠેકેદાર તરીકે પૂર્ણ કરાયેલ કાર્ય મૂલવણી માટે ગણતરીમાં લેવામાં આવશે નહીં.

બ] વિશિષ્ટ બાંધકામ અનુભવ અરજદારે એવો પુરાવો રજૂ કરવો પડશે કે તેણે છેલ્લા સાત વર્ષમાં, ૩૧/૦૩/૨૦૧૩ ના રોજ પૂર્ણ થતી અવધિ સુધી, કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે અથવા નોંધપાત્ર રીતે પૂર્ણ કર્યું છે. કાર્યો અરજદાર દ્વારા મુખ્ય ઠેકેદાર તરીકે અથવા સંયુક્ત સાહસના સભ્ય તરીકે પ્રમાણાનુપાતે અમલમાં મુકવામાં આવ્યા હોઈ શકે. નોંધપાત્ર રીતે પૂર્ણ થયેલ કાર્યોનો અર્થ એવા કાર્યો થાય છે, જે ૩૧/૦૩/૨૦૧૩ સુધીમાં ઓછામાં ઓછા ૯૦% પૂર્ણ થયેલા હોય અને અરજીની તારીખે સંતોષકારક રીતે ચાલુ હોય. તે માટે, નિયોજક પાસેથી પ્રમાણપત્ર અરજી સાથે રજૂ કરવાનું રહેશે, જેમાં કરારમૂલ્ય-બિલિંગ રકમ, કાર્યોના પ્રારંભની તારીખ સ્પષ્ટ રીતે સમાવિષ્ટ હોવી જોઈએ. ઠેકેદારનું સંતોષકારક કાર્યનિષ્પાદન અને અન્ય કોઈપણ સંબંધિત માહિતી સંલગ્ન નમૂનાઓમાં મોકલવી જોઈએ. વર્તમાન આર્થિક વર્ષ દરમિયાન પૂર્ણ થયેલ/નોંધપાત્ર રીતે પૂર્ણ થયેલ કાર્યોને પણ વિશિષ્ટ બાંધકામ અનુભવની ગણતરી માટે ધ્યાનમાં લેવામાં આવશે.

૪. અરજદારની લાયકાત માટેના માપદંડ જે અરજદાર નીચે દર્શાવેલ આવશ્યકતાઓ પૂર્ણ કરવા સક્ષમ નથી, તે કાર્યો માટે લાયક ગણાશે નહીં. અરજીપત્ર સાથે જોડાયેલા નમૂનાઓમાં અરજદારે આપેલા જવાબોમાં દર્શાવ્યા મુજબ, અરજદારના વિશિષ્ટ અનુભવ, નાણાકીય સ્થિતિ, કર્મચારીબળ અને સાધન-સામગ્રીની ક્ષમતા તેમજ અન્ય સંબંધિત માહિતી અંગેના નીચેના તમામ લઘુત્તમ માપદંડોના આધારે અનુલાયકાત નક્કી કરવામાં આવશે. પ્રસ્તાવિત પેટા-ઠેકેદારોની લાયકાત, ક્ષમતા અને સાધનોને અરજદાર દ્વારા લાયકાતના માપદંડોના પાલનની નિર્ધારણા કરતી વખતે ધ્યાનમાં લેવામાં આવશે નહીં. અરજદારે ખાસ નોંધ લેવાની કે વિવિધ નમૂનાઓના સ્વરૂપોમાં આપવામાં આવેલી માહિતી સહિતની તમામ માહિતી સંબંધિત સત્તાધિકારીઓના પ્રમાણપત્રોથી સમર્થિત હોવી આવશ્યક છે [કાર્યકારી ઇજનેર અથવા સમકક્ષથી નીચા દરજ્જાના ન હોય].

ખાનગી વ્યક્તિ તરફથી આપવામાં આવેલ, જેના માટે બોલીદારએ કાર્ય કર્યું હોય, એવા પ્રમાણપત્રો વિચારણામાં લેવામાં આવશે નહીં.

ફક્ત તેવી સંસ્થાઓ/સંસ્થાનોએ/મંડળોએ આપેલા પ્રમાણપત્રો જ વિચારણામાં લેવામાં આવશે, જે જાહેર દશ્યમાં કાર્ય કરે છે અને ચકાસી શકાય તેવા અભિલેખો જાળવે છે. તેથી, જે સંસ્થાઓ/મંડળોમાંથી મળેલ પ્રમાણપત્ર વિચારણામાં લેવામાં આવશે, તે નીચે મુજબ છે:

૧] શાસકીય વિભાગો, જાહેર ક્ષેત્રના ઉપક્રમો અને અન્ય શાસકીય સંસ્થાઓ. ૨] જાહેર મર્યાદિત કંપની. ૩] ખાનગી મર્યાદિત કંપની. ૪] સરકારદ્વારા માન્ય સંસ્થાઓ. ૫] "સહકારી નિબંધક" સમક્ષ નોંધાયેલ સહકારી સંસ્થા. ૬] "સહકારી નિબંધક" સમક્ષ નોંધાયેલ ભાગીદારી પેઢી. ૭] "કંપનીઓના નિબંધક" સમક્ષ નોંધાયેલ એકલ માલિકીની પેઢીઓ.

તથાપિ, પ્રમાણપત્રો સંસ્થાના સંપર્ક સરનામું, ટેલિફોન નં. અને ફેક્સ નં., ઈમેઈલ સરનામું વગેરે દર્શાવતા લેટર પેડ પર હોવા જોઈએ. વધુમાં, ઉપરોક્ત ક્રમાંક [૨] થી [૭] માં દર્શાવેલ સ્ત્રોતોમાંથી પ્રાપ્ત પ્રમાણપત્રો સાથે સંસ્થાનું સરકાર પાસે નોંધણી થયેલ હોવાનો, અથવા સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત થયેલ હોવાનો પુરાવો અનિવાર્ય રીતે જોડાયેલો હોવો જોઈએ; તે વિના આવા પ્રમાણપત્રોને આ પત્રના હેતુ માટે પૂરતા પુરાવા તરીકે માનવામાં આવશે નહીં.

જાહેર દષ્ટિએ આવતું કામ જાહેર કાર્યો ગણવામાં આવે છે અને તેથી દર્શાવવામાં આવતું "સમાન કાર્ય" કેન્દ્રીય, રાજ્ય અથવા સ્થાનિક સરકારો, જાહેર ક્ષેત્રના ઉદ્યોગો અને સરકારી કંપનીઓ દ્વારા સમાજ/જનતા હિતાર્થે કરવામાં આવેલ જાહેર કાર્યોનું હોવું આવશ્યક છે. અ] છેલ્લાં ૩ વર્ષ દરમિયાન, ૩૧/૦૩/૨૦૧૩ના રોજ પૂર્ણ થતા, સરેરાશ વાર્ષિક નાણાકીય વળતર અંદાજિત ખર્ચના ઓછામાં ઓછા ૩૦% જેટલું હોવું જોઈએ [અર્થાત્ રૂા. ૭૮.૦૭ કરોડના ૩૦% = ૨૩.૪૨ કરોડ] બ] અરજીઓ મંગાવવામાં આવે તે મહિનાના પૂર્વવર્તી મહિનાના છેલ્લાં દિવસ સુધી પૂર્ણ થતાં છેલ્લાં ૭ વર્ષ દરમિયાન સમાન કાર્યો સફળતાપૂર્વક પૂર્ણ કર્યાનો અનુભવ

નીચે મુજબ પૈકી કોઈ એક હોવો જોઈએ: ૧] અંદાજિત ખર્ચના ૪૦% બરાબર રકમથી ઓછી નહીં હોય તેવા ખર્ચવાળા ત્રણ સમાન પૂર્ણ થયેલા કાર્યો [અર્થાત્ રૂા. ૭૮.૦૭ કરોડના ૪૦% = રૂા. ૩૧.૨૩ કરોડ] અથવા ૨] અંદાજિત ખર્ચના ૫૦% બરાબર રકમથી ઓછી નહીં હોય તેવા ખર્ચવાળા બે સમાન પૂર્ણ થયેલા કાર્યો [અર્થાત્ રૂા. ૮૦% ના બદલે રૂા. ૭૮.૦૭ કરોડના ૫૦% = રૂા. ૩૯.૦૪ કરોડ] અથવા એક સમાન પૂર્ણ થયેલ કાર્ય, જેનો ખર્ચ ૩] અંદાજિત ખર્ચના ૮૦% બરાબર રકમથી ઓછી નહીં હોય [અર્થાત્ રૂા. ૭૮.૦૭ કરોડના ૮૦% = રૂા. ૬૨.૪૬ કરોડ] અને ૪] 'એએ' વર્ગમાં રાજ્ય સરકાર પાસે નોંધણી ધરાવતા ઠેકેદારો/કંપનીઓ અથવા સમકક્ષ નોંધણી ધરાવતા સાથે

કેન્દ્રીય સરકાર/સી.પી.ડબલ્યુ.ડી./અન્ય રાજ્ય સરકાર/અર્ધસરકારી સંસ્થા/એમ.ઈ.એસ. ક] તે કોન્ટ્રાક્ટરો/કંપનીઓ, જેઓ પાસે રાષ્ટ્રીયકૃત અથવા અનુસૂચિત બેંકનું વર્તમાન વર્ષનું રૂપિયા ૩૧.૨૩ કરોડની રકમનું સોલ્વન્સી પ્રમાણપત્ર હોય [અર્થાત્ અંદાજિત ખર્ચના ૪૦%]

સમાન કાર્યનો અર્થ માર્ગ માટે અથવા રેલવે માટે અથવા નદી પર ફ્લાય ઓવર બ્રિજનું નિર્માણ એવો થશે, જેમાં તેમણે પાઇલ પાયો/વેલ પાયો, સ્થાન પર ઢાળવામાં આવેલ આર.સી.સી. ઘન સ્લેબ, પૂર્વઢાળિત, પૂર્વ-તાણિત, પૂર્વદબાણિત કોંક્રીટ ગર્ડરો, ગર્ડરોનું પ્રક્ષેપણ વગેરે જેવા કાર્યનું અમલીકરણ સફળતાપૂર્વક કર્યું હોય.

મોટા પ્રકલ્પોના મામલામાં, જે "પેકેજ" આધારિત અમલમાં મૂકવામાં આવ્યા હોય, તેમાં મૂલવણી માટે દરેક વ્યક્તિગત પુલના કામની અલગ વિગત આપવામાં આવશે. સંક્ષેપમાં, મૂલવણી કરતી વખતે પ્રકલ્પોના કોઈપણ પેકેજ શ્રેણીને સમગ્રરૂપે ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

પાઈલ ફાઉન્ડેશનના અમલીકરણ અને પ્રી–સ્ટ્રેસિંગને એક જ કાર્યરૂપે અથવા અલગ કાર્યરૂપે કરવામાં આવ્યું હોય, તે બાબત પણ વિચારણામાં લેવામાં આવશે.

આ ઉપરાંત સ્પષ્ટ કરવામાં આવે છે કે જો અરજદાર પાસે કોઈ કામો હાથ પર હોય, પરંતુ જો સ્થળ પર કરવામાં આવેલા કામની રકમ તારીખ મુજબ, અર્થાત્ ૩૧.૩.૨૦૧૩ના રોજ, કુલ પ્રોજેક્ટ/ટેન્ડર ખર્ચના ૯૦% કરતાં વધુ હોય, તો મૂલ્યાંકન કરતી વખતે તે કામોને પણ વિચારણામાં લેવામાં આવશે.

ભારતમાં પૂર્ણ કરાયેલા કાર્યોના મૂલ્ય માટે, અમલમાં મૂકાયેલા કાર્યોની કિંમત તથા આર્થિક આંકડાઓને એક સામાન્ય આધાર પર લાવવા માટે નીચે જણાવેલ વૃદ્ધિ–ઘટકોનો ઉપયોગ કરવામાં આવશે.

| વર્ષ પહેલાં | ગુણાકાર ગુણાંક |
|---|---|
| ૨૦૧૨–૧૩ | ૧.૧૦ |
| ૨૦૧૧–૧૨ | ૧.૨૧ |
| ૨૦૧૦–૧૧ | ૧.૩૩ |
| ૨૦૦૯–૧૦ | ૧.૪૬ |
| ૨૦૦૮–૦૯ | ૧.૬૧ |
| ૨૦૦૭–૦૮ | ૧.૭૭ |
| ૨૦૦૬–૦૭ | ૧.૯૫” |

(અમારા દ્વારા ભાર મૂકવામાં આવ્યો છે).

૪. અરજદારના જણાવ્યા મુજબ, પ્રતિવાદી ક્રમાંક ૪ ને સફળ બોલીદાર તરીકે પસંદ કરતી વખતે નિગમે ઉક્ત પ્રતિવાદીએ ઉપઠેકેદાર તરીકે પૂર્ણ કરેલાં વિવિધ કાર્યોને ધ્યાનમાં લીધાં છે, જ્યારે કરારની શરતો મુજબ ઉપઠેકેદાર તરીકે પૂર્ણ કરાયેલ કાર્યનું મૂલ્યાંકન માટે વિચારણા કરવામાં આવવાનું નથી. કલમ ૩.૧ માં દર્શાવ્યા મુજબ, અરજદારે એનો પુરાવો આપવો જોઈએ કે તેમની પેઢી છેલ્લા ૭

વર્ષ દરમિયાન મુખ્ય ઠેકેદાર / ભાગીદાર તરીકે ફ્લાયઓવર અને પુલોના નાગરિક બાંધકામ કાર્યોમાં સક્રિયપણે સંકળાયેલી રહી છે, અને ઉપઠેકેદાર તરીકે પૂર્ણ કરાયેલ કાર્યનું મૂલ્યાંકન માટે વિચારણા કરવામાં આવવાનું નથી. વધુમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે પસંદ કરાયેલ ઠેકેદારે ઉપર ઉલ્લેખિત ટેન્ડરની શરતોની કલમ ૪(બી) ની આવશ્યકતાઓનું પણ પાલન કર્યું નથી, અને પસંદ કરાયેલા બોલીદારે રજૂ કરેલ દસ્તાવેજોમાંથી એવું જણાશે કે તેઓ મોટાભાગે ઉપઠેકેદાર તરીકે કાર્યરત રહ્યા હતા અને માત્ર એક જ વ્યવહાર અંગે તેઓ સંયુક્ત સાહસના ભાગીદાર તરીકે કાર્યરત હતા, પરંતુ તે વિશિષ્ટ કાર્યના આધારે કલમ ૪(બી) માં નિર્દિષ્ટ શરતનું પાલન થયેલું નથી.

૫. આ અરજનો વિરોધ પ્રતિવાદીઓએ, જેમાં નિગમ તથા પસંદ કરાયેલ કોન્ટ્રાક્ટર એવા પ્રતિવાદી નં.૪નો સમાવેશ થાય છે, કર્યો છે. પ્રતિવાદીઓની દલીલ એવી છે કે અરજદાર દ્વારા ઉપ–કોન્ટ્રાક્ટર તરીકે કરવામાં આવેલ કાર્યને પણ અરજદારની લાયકાતના માપદંડો નક્કી કરતી કલમ ૪માં સમાવિષ્ટ જોગવાઈઓના પ્રકાશમાં નિગમે યોગ્ય રીતે ધ્યાનમાં લીધું હતું. નિગમ તથા પસંદ કરાયેલ કોન્ટ્રાક્ટરની તરફથી હાજર થયેલા વિદ્વાન વકીલના જણાવ્યા મુજબ, ઉપ–કોન્ટ્રાક્ટર તરીકેનો અનુભવ પણ ગણતરીમાં લેવો જોઈએ તે બાબત કલમ ૪(૨) થી (૭)માંથી સ્પષ્ટ થાય છે, જેમાં જાહેર મર્યાદિત કંપની, ખાનગી મર્યાદિત કંપની, સહકારી સંસ્થાઓના રજિસ્ટ્રાર સમક્ષ નોંધાયેલ સહકારી સંસ્થા તથા સહકારી સંસ્થાઓના રજિસ્ટ્રાર સમક્ષ નોંધાયેલ ભાગીદારી પેઢી દ્વારા અપાયેલ પ્રમાણપત્ર પણ ધ્યાનમાં લેવાની જોગવાઈ છે, જે દર્શાવે છે કે તેવા સંગઠનો હેઠળ કરવામાં આવેલ ઉપ–કોન્ટ્રાક્ટ પણ ધ્યાનમાં લેવો જોઈએ. અન્ય શબ્દોમાં, પ્રતિવાદીઓ તરફથી રજૂ થયેલા વિદ્વાન વકીલના જણાવ્યા મુજબ, કલમ ૩.૧ અને ૪નું સંયુક્ત વાચન કરતાં તે સંપૂર્ણપણે સ્પષ્ટ થાય છે કે અરજદારે ઉપ–કોન્ટ્રાક્ટર તરીકેની ભૂમિકામાં કરેલું કાર્ય ધ્યાનમાં લેવા બાબતે કોઈ મનાઈ નથી.

૬. તેથી, આ લોકહિત અરજીમાં નિર્ધારણ માટે ઊભો થતો એકમાત્ર પ્રશ્ન એ છે કે ઉપર ઉદ્ધૃત કલમો ૩.૧ અને ૪ માં નિર્ધારિત અનિવાર્ય લાયકાતોને ધ્યાનમાં રાખીને પ્રતિવાદી ક્રમાંક ૪ ની પસંદગી કરવામાં નિગમ યોગ્ય ઠર્યો હતો કે નહીં.

૭. કોર્પોરેશન તરફથી શ્રી પંડ્યા સાથે હાજર થયેલા વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી દેસાઈ અને શ્રી દક્ષય પટેલ તથા શ્રી વેણુગોપાલ પટેલ સાથે હાજર થયેલા વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી શાલિન મહેતા, તેમ છતાં, નિષ્પક્ષપણે એ સ્વીકાર્યું કે જો અમે એવો નિર્ધાર કરીએ કે અરજદાર દ્વારા, જે પ્રતિવાદી ક્રમાંક ૪ છે, ઉપઠેકેદારની ભૂમિકામાં કરવામાં આવેલ કાર્યને વિચારણા માટે ધ્યાનમાં લેવામાં ન આવે, તો તેવી સ્થિતિમાં પ્રતિવાદી ક્રમાંક ૪ એ જરૂરી લાયકાત સાબિત કરી નથી. તેમ છતાં, તેમનો મત એ છે કે ટેન્ડરની શરતો, કલમો ૩.૧ અને ૪ ના સંયુક્ત પ્રભાવને ધ્યાનમાં લેતાં, અરજદારે ઉપઠેકેદારની ભૂમિકામાં પ્રાપ્ત કરેલો અનુભવ વિચારણા માટે ધ્યાનમાં લેવા દે છે.

૮. પક્ષકારોના વિદ્વાન વકીલની દલીલો સાંભળ્યા પછી અને ઉપરોક્ત શરતોનું અવલોકન કર્યા બાદ, અમને જણાય છે કે કલમ ૩.૧ માં વિશેષરૂપે જણાવવામાં આવ્યું છે કે અરજદારે એનો પુરાવો રજૂ કરવો જોઈએ કે તેમની ફર્મે છેલ્લા ૭ વર્ષ દરમિયાન મુખ્ય ઠેકેદાર / ભાગીદાર તરીકે ફ્લાયઓવર અને પુલોના નાગરિક બાંધકામ કાર્યોમાં સક્રિય રીતે કામ કર્યું છે, અને ઉપઠેકેદાર તરીકે પૂર્ણ કરાયેલ કામ મૂલવણી માટે ગણતરીમાં લેવામાં આવશે નહીં. આ કલમથી સંપૂર્ણપણે સ્પષ્ટ થાય છે કે અરજદારના અનુભવ અને લાયકાતની મૂલવણી કરતી વખતે છેલ્લા ૭ વર્ષ દરમિયાન ફ્લાયઓવર અને પુલોના બાંધકામ માટે કરવામાં આવેલ કામ જ વિચારણા હેઠળ લેવામાં આવશે, અને તે પણ મુખ્ય ઠેકેદાર / ભાગીદાર તરીકેની ભૂમિકામાં કરવામાં આવેલ કામ. તેથી, ઉપરોક્ત કલમમાં ફરજિયાત શરત નિર્ધારિત કરવામાં આવી છે, જે કલમ ૩.૧ ના અંતિમ વાક્ય પરથી સ્પષ્ટ થાય છે કે ઉપઠેકેદાર તરીકે પૂર્ણ કરાયેલ કામ મૂલવણી માટે ધ્યાનમાં લેવામાં આવશે નહીં. કલમ ૪ નો પરિછેદ ૧ એ જોગવાઈ કરે છે કે પ્રસ્તાવિત ઉપઠેકેદારોની લાયકાત, ક્ષમતા અને સાધનો અરજદાર લાયકાતના માપદંડોનું પાલન કરે છે કે નહીં તે નક્કી કરતી વખતે ધ્યાનમાં લેવામાં આવશે નહીં. અન્ય શબ્દોમાં કહીએ તો, ઉક્ત કલમ મુજબ, જો અરજદાર પ્રસ્તાવિત કામના હેતુસર ઉપઠેકેદાર તરીકે અન્યોએ કરેલા કામનો આધાર લેવા ઈચ્છે, તો આવા ઉપઠેકેદારની લાયકાત, ક્ષમતા અને સાધનો વિચારણા હેઠળ લેવામાં આવશે નહીં. કલમ ૪ નો બીજો પરિછેદ દર્શાવે છે કે એવી ખાનગી વ્યક્તિઓના પ્રમાણપત્રો, જેમના માટે બોલીદારે કામ કર્યું હોય, તે ધ્યાનમાં લેવામાં આવશે

નહીં; પરંતુ માત્ર એવી સંસ્થાઓ / પ્રતિષ્ઠાનો / મંડળોના પ્રમાણપત્રો જ ધ્યાનમાં લેવામાં આવશે, જે જાહેર દશ્યમાં કામનું નિષ્પાદન કરે છે અને ચકાસી શકાય તેવા દસ્તાવેજી અભિલેખો જાળવે છે, અને તેથી, નીચે દર્શાવેલ સંસ્થાઓ / પ્રતિષ્ઠાનો / મંડળોના પ્રમાણપત્રો જ ધ્યાનમાં લેવામાં આવશે :-૧] સરકારી વિભાગો, પી.એસ.યુ.ઓ. અને અન્ય સરકારી સંસ્થાઓ. ૨] જાહેર લિમિટેડ કંપની. ૩] ખાનગી લિમિટેડ કંપની.

સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત સંસ્થાઓ. ૪] ૫] "સહકારી નોંધણી અધિકારી" પાસે નોંધાયેલ સહકારી સંસ્થા. ૬] "સહકારી નોંધણી અધિકારી" પાસે નોંધાયેલ ભાગીદારી પેઢી. ૭] "કંપનીઓના નોંધણી અધિકારી" પાસે નોંધાયેલ એકલ માલિકીની પેઢીઓ.

૮.૧ ઉપરોક્ત કલમનો આધાર લઈને, શ્રી દેસાઈ અને શ્રી મહેતા બન્નેએ અમને સમજાવવાનો પ્રયત્ન કર્યો કે ઉપરોક્ત કલમ દર્શાવે છે કે ઉપરોક્ત સંસ્થાઓ દ્વારા તેમના હેઠળ ઉપઠેકેદાર તરીકે અરજદાર દ્વારા કરવામાં આવેલ કાર્ય અંગે આપવામાં આવેલા પ્રમાણપત્રો ગ્રાહ્ય ગણવા જોઈએ અને આ કલમ ૪ ને કલમ ૩ ઉપર અગ્રપ્રભાવી અસર છે.

૯. અમને ભય છે કે, અમે આવી રજૂઆતો થી જરા પણ પ્રભાવિત થયા નથી. અમારી દષ્ટિએ, કલમ ૩.૧ માં મૂલવણી માટે ઉપઠેકેદાર તરીકે કરવામાં આવેલ કોઈપણ કામનો વિચાર કરવો ખાસ કરીને નિષિદ્ધ કરવામાં આવ્યો હોવાથી, ઉપરોક્ત દલીલોમાં કોઈ જ સાર નથી. વાસ્તવમાં, કલમ ૪ ના ઉપકલમો (૨) થી (૭) માં ઉલ્લેખિત સંસ્થાઓના પ્રમાણપત્રો માત્ર ત્યારે જ આવશ્યક બને છે જ્યારે અરજદારે તે સંસ્થાઓના સંયુક્ત સાહસોમાં ભાગીદાર તરીકે કામ કર્યું હોય. કલમ ૪ માં ઉલ્લેખિત તે છ વર્ગો એવી સંસ્થાઓ પાસેથી મળનારા પ્રમાણપત્રને સૂચવે છે, જેમાં એ પ્રમાણિત કરવામાં આવે છે કે અરજદારે તે સંસ્થાઓના ભાગીદાર તરીકે ભૂતકાળમાં, કલમ ૪ માં જ દર્શાવ્યા મુજબ, સમાજ/જાહેર હિત માટે કેન્દ્ર, રાજ્ય અથવા સ્થાનિક સરકારો, જાહેર ક્ષેત્રના ઉપક્રમો અને સરકારી કંપનીઓ દ્વારા હાથ ધરાયેલા જાહેર કાર્યો અંગે કોઈ વ્યવહાર સંયુક્ત સાહસ તરીકે પૂર્ણ કર્યો હતો. કલમ ૪ માં જ આવેલું આ વાક્ય, "વધુમાં, ઉપર ક્રમાંક [૨] થી [૭] માં દર્શાવેલા સ્રોતોમાંથી મળતા પ્રમાણપત્રો સાથે સંસ્થાની સરકાર સાથેની

નોંધણીનો, અથવા સરકાર દ્વારા માન્યતાનો પુરાવો અનિવાર્ય રીતે જોડાયેલો હોવો જોઈએ; અન્યથા આવા પ્રમાણપત્રો આ પત્રના હેતુ માટે પૂરતા પુરાવા તરીકે ગણવામાં આવશે નહીં" અમારી ઉપરોક્ત વ્યાખ્યાને વધુ મજબૂત બનાવે છે કે આવા પ્રમાણપત્રનો હેતુ એ પ્રમાણિત કરવાનો છે કે અરજદાર સંયુક્ત સાહસમાં ભાગીદાર હતો, અને તે કાર્ય, જે આ કલમના ક્રમાંક (૧) માં દર્શાવેલ કોઈ એક સત્તાધિકારી દ્વારા એવા સંયુક્ત સાહસને સોંપવામાં આવ્યું હતું જેમાં અરજદાર અને ઉલ્લેખિત પ્રમાણપત્ર આપનાર બંને પક્ષકારો હતા. બીજી તરફ, જો અમે પ્રતિવાદીઓ તરફથી હાજર વિદ્વાન વકીલોની દલીલ સ્વીકારીએ, તો ટેન્ડરની શરતોની ફરજિયાત કલમ ૩.૧ ને સંપૂર્ણપણે અવગણવી પડે, જે સંભવ નથી.

૧૦. અમારી સમક્ષ રજૂ કરવામાં આવેલી સામગ્રી પરથી એવું જણાય છે કે પ્રતિવાદી ક્રમાંક ૪ એ સુરતના બામરોલી ખાતે ૬૦ ફૂટ પહોળા માર્ગ પર ક્રિક ઉપર તુલસીધામ સોસાયટી અને જય અંબેનગરને જોડતા પુલનું નિર્માણ મુખ્ય ઠેકેદાર તરીકે ૭ વર્ષની અવધિમાં પૂર્ણ કર્યું છે અને તે કામનો ખર્ચ રૂપિયા ૨,૬૫,૫૪,૦૦૨.૯૬ પૈસા છે. પ્રતિવાદી ક્રમાંક ૪ એ સુરતમાં દાંતોરા ઓલ્ડ જકાતનાકા નજીક પાંડેસરાને બામરોલી સાથે જોડતા પુલનું નિર્માણ પણ પૂર્ણ કર્યું છે, જેમાં સંકળાયેલી રકમ રૂપિયા ૧,૨૬,૨૭,૫૫૮–૬૦ પૈસા છે. ઉપરોક્ત બે બાંધકામો સિવાય, પ્રતિવાદી ક્રમાંક ૪ એ સંયુક્ત સાહસ તરીકે સુરત બીઆરટીએસ યોજનામાં સીમાડા જંકશનથી સારથાણા સુધી બીઆરટી કોરિડોરનું વિકાસ કાર્ય પણ કર્યું છે, જેમાં રૂપિયા ૧૦.૪ કરોડના પુલ નિર્માણ કાર્યનો સમાવેશ થાય છે, અને કુલ કામકાજનો ખર્ચ રૂપિયા ૩૫,૬૪,૨૯,૫૭૪/– છે, પરંતુ પ્રતિવાદી ક્રમાંક ૪ નો ફક્ત ૪૯% હિસ્સો હતો જ્યારે બીજા ભાગીદાર એમ/એસ રણજીતનો ૫૧% હિસ્સો હતો. આવી સ્થિતિમાં, ગુણાકીય પરિબળ ધ્યાનમાં લઈએ તો પણ પ્રતિવાદી ક્રમાંક ૪ પાસે ખંડ ૪ (બી) (૧) થી (૭) માં દર્શાવેલ જરૂરી લાયકાત નથી.

૧૧. અમે અગાઉથી જ દર્શાવ્યું છે કે નિગમ તથા પસંદ કરાયેલા ઠેકેદાર, પ્રતિવાદી ક્રમાંક ૪, તરફથી ઉપસ્થિત વિદ્વાન વકીલે સ્વીકાર્યું છે કે જો અમે

પ્રતિવાદી ક્રમાંક ૪ દ્વારા ઉપઠેકેદારની હેસિયતમાં કરવામાં આવેલ કાર્યને વિચારણામાં ન લઈએ, તો તેની પાસે આવશ્યક લાયકાત નથી.

૧૨. પ્રતિવાદી ક્રમાંક ૪ તરફથી હાજર થયેલા વિદ્વાન વકીલ શ્રી મહેતાએ વધુમાં જોરદાર રીતે દલીલ કરી હતી કે ઉપર દર્શાવેલ કલમ ૩.૧ અને ૪ને ધ્યાનમાં લેતાં, પેટા–ઠેકેદાર દ્વારા કરવામાં આવેલ કામને વિચારણા હેઠળ લેવામાં આવી શકતું નથી એવો નિશ્ચિત નિષ્કર્ષ પર આવી શકાય નહીં અને કોઈપણ અસ્પષ્ટતા હોય તો તેમના અસીલને લાયકાતની કલમનો લાભ મળવો જોઈએ.

૧૩. અમે અગાઉથી જ દર્શાવ્યું છે કે કલમ ૩.૧ માં પેટા–ઠેકેદાર તરીકે પૂર્ણ કરાયેલા કાર્યને વિચારણા પરથી વિશેષરૂપે બહાર રાખવામાં આવેલ હોવાથી, કલમ ૩.૧ અને કલમ ૪ વચ્ચે કોઈ અસ્પષ્ટતા અથવા વિરોધાભાસ રહેલો નથી, અને તેથી, કલમ ૩.૧ અને ૪ ના અર્થઘટન પર કોઈપણ વાજબી વ્યક્તિ આ નિષ્કર્ષે પહોંચે કે અરજદારની પેટા–ઠેકેદાર તરીકેની ભૂમિકા વિચારણામાં લઈ શકાય નહીં અને માત્ર મુખ્ય ઠેકેદાર તરીકે અથવા સંયુક્ત સાહસના ભાગીદાર તરીકેના અન્ય ભૂતકાળના અનુભવો જ વિચારણામાં લઈ શકાય અને કલમ ૪ માં ઉલ્લેખિત સંસ્થાઓ પાસેથી પ્રમાણપત્ર આપવાની જોગવાઈ તે ભાગીદારીના પ્રમાણન માટે કરવામાં આવી છે, જેના સાથે અરજદારે ભૂતકાળમાં સંયુક્ત સાહસના ભાગીદાર તરીકે કાર્ય કર્યું હતું.

૧૪. શ્રી મેહતાએ, આ સંદર્ભમાં, પોતાના દલીલના સમર્થનમાં, સર્વોચ્ચ અદાલતના એમ/એસ. મિશિગન રબર (ઇન્ડિયા) લિ. વિ. કર્ણાટક રાજ્ય અને અન્ય, જેનો ઉલ્લેખ એ.આઈ.આર. ૨૦૧૨ એસ.સી. ૨૯૧૫ માં આવેલ છે, તેમજ એર ઈન્ડિયા લિ. વિ. કોચિન ઇન્ટરનેશનલ એરપોર્ટ લિ. અને અન્ય, જેનો ઉલ્લેખ એ.આઈ.આર. ૨૦૦૦ એસ.સી. ૮૦૧ માં આવેલ છે, તેવા મામલાઓમાં આપેલ નિર્ણયોએ આધાર રાખ્યો હતો.

૧૫. મિશિગન રબર [સુપ્રા] ના મામલે એવું નિર્ધારિત કરવામાં આવ્યું હતું કે ટેન્ડર દસ્તાવેજની શરતો ઘડવાની અને કરાર ફાળવવાની બાબતમાં રાજ્ય

સત્તાધિકારીઓને વધુ વ્યાપક અવકાશ સ્વીકારવો આવશ્યક છે, જો સુધી ટેન્ડર સત્તાધિકારીની કાર્યવાહી દુર્ભાવનાપૂર્ણ હોવાનું અને તેની વૈધાનિક સત્તાઓનો દુરૂપયોગ હોવાનું જણાતું ન હોય, તથા અદાલતોનો હસ્તક્ષેપ સમર્થનીય નથી. ઉપરોક્ત નિર્ણય પર આધાર રાખી, શ્રી મેહતાએ રજૂઆત કરી કે જ્યાં બે અભિપ્રાયો સંભવ હોય, ત્યાં કોર્પોરેશને પોતાના વિવેકાધિકારનો જે ઉપયોગ કર્યો છે તેમાં આપણે હસ્તક્ષેપ કરવો જોઈએ નહીં.

૧૫.૧ અમે અગાઉથી જ નિર્દેશ કર્યો છે કે આ મામલામાં, કલમ ૩.૧ મૂલવણી માટે વિચારણા ક્ષેત્રમાંથી ઉપઠેકેદાર તરીકે પૂર્ણ કરાયેલ કાર્યને વિશેષરૂપે બહાર કરે છે. તેથી, જો તે બાબતોને બહાર રાખવામાં આવે, તો પ્રતિવાદી નં.૪ આવશ્યક લાયકાત ધરાવતો નથી. તેથી, ઉપરોક્ત નિર્ણય શ્રી મહેતાના અસીલને કોઈ મદદરૂપ થતો નથી.

૧૬. એર ઈન્ડિયા [સુપ્રા] ના મામલામાં, શ્રી મહેતાએ ચુકાદાના પરિછેદ ૧૨ પર ભારે નિર્ભરતા મૂકી હતી, જેમાં સર્વોચ્ચ અદાલતે એવું ઠરાવ્યું હતું કે કોચિન ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડે એર ઈન્ડિયા એક એરલાઈન છે અને રાષ્ટ્રીય વાહક હોવાને કારણે, જો તેને કરાર અપાશે તો તે એર ઈન્ડિયા તથા અન્ય સ્થાનિક લાઈનોનો વધુ ટ્રાફિક લાવી શકશે, આ હકીકતને ધ્યાનમાં લેવામાં કંઈ ખોટું કર્યું નહોતું; અને પ્રતિસ્પર્ધી પ્રસ્તાવોની ગુણવત્તા અંગે, સર્વોચ્ચ અદાલતે માત્ર આર્થિક પાસાને જ જોવું યોગ્ય ગણ્યું નહોતું અને એવું માન્યું નહોતું કે કોચિન ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડે કેમ્બાટ્ટાનો એક પ્રસ્તાવ વધુ સારો હોવા છતાં ફક્ત એર ઈન્ડિયાને લાભ આપવા ઈચ્છાથી સ્વીકાર્યો નહોતો. સર્વોચ્ચ અદાલતે વધુમાં એવું પણ ઠરાવ્યું હતું કે જટિલ સ્વરૂપના વ્યાપારી વ્યવહારમાં, જે બાબત ઉપરથી જોતા વધુ સારી જણાય તે, સમગ્ર દૃષ્ટિકોણથી જોવામાં આવે ત્યારે એવી ગણાય જ એવું નથી, અને આવા મામલામાં, અદાલત કરાર આપનાર પક્ષના નિર્ણયના સ્થાને પોતાનો નિર્ણય મૂકી શકતી નથી.

૧૬.૧ અમારી સમક્ષના કેસમાં, નિર્માણ એક ફ્લાયઓવરનું છે, જેમાં કોર્પોરેશને અરજદારની લાયકાતના મૂલ્યાંકન માટે માર્ગદર્શિકાઓ નિશ્ચિત કરી છે અને

ટેન્ડરની શરતોમાં સ્પષ્ટપણે જોગવાઈ કરવામાં આવી હતી કે ઉપઠેકેદાર તરીકે અરજદારની ભૂમિકાને વિચારણામાં લેવામાં આવશે નહીં. આવી મનાઈ હોવા છતાં પણ, જો કોર્પોરેશન એવો કોઈ નિશ્ચિત અરજદાર પસંદ કરવાનો નિર્ણય કરે, જેની પાસે આવશ્યક લાયકાત ન હોય, તો અમારા મતાનુસાર, જાહેર હિત અરજીમાં બેઠેલી રિટ અદાલત, આવશ્યક લાયકાત ધરાવતા અન્ય લોકોને પસંદ ન કરવા બાબતે કોર્પોરેશનની સદ્ભાવનાને નિશ્ચિતપણે પ્રશ્નિત કરી શકે છે. તેથી, અમે માનીએ છીએ કે ઉપરોક્ત નિર્ણય પણ શ્રી મહેતાના અસીલને કોઈ મદદરૂપ થતો નથી.

૧૭. શ્રી મહેતાએ અંતે અમને આ બાબતમાં સમજાવવાનો પ્રયત્ન કર્યો કે વિલંબના આધાર પર આ જનહિત અરજી ફગાવી દેવી જોઈએ. એવું જણાય છે કે નિગમ દ્વારા નિર્ણય ૧૭મી જાન્યુઆરી ૨૦૧૪ના રોજ લેવામાં આવ્યો હતો અને પ્રાથમિક તપાસ માટે વધુમાં એવો નિર્દેશ આપવામાં આવ્યો હતો કે તે તારીખથી ૪૫ દિવસ પૂર્ણ થયા પછી કામ શરૂ થવું જોઈએ, એટલે કે કામ માત્ર માર્ચ ૨૦૧૪ના મહિનાથી જ કરવામાં આવી શકતું હતું. આ અરજી એપ્રિલ ૨૦૧૪ના મહિનામાં દાખલ કરવામાં આવી છે. મોટા ફ્લાયઓવરના નિર્માણમાં સંકળાયેલા જાહેર તત્વોને ધ્યાનમાં લેતાં અને એ હકીકતને પણ ધ્યાનમાં લેતાં કે આવો મહત્વપૂર્ણ કરાર એવી પક્ષકારને આપવામાં આવ્યો છે જેને જરૂરી પાત્રતા પણ નહોતી, અમે વિલંબના આધાર પર આ રિટ અરજી ફગાવી દેવાનું કોઈ કારણ શોધી શકતા નથી. વધુમાં, અમારી સમક્ષ રજૂ કરાયેલા ફોટોગ્રાફોમાંથી એવું જણાય છે કે માત્ર થોડા થાંભલા ઊભા કરવામાં આવ્યા છે, પરંતુ તેઓ પણ નોંધપાત્ર ઊંચાઈના નથી. તેથી, અત્યાર સુધી થયેલા નિર્માણના અલ્પ પ્રમાણને ધ્યાનમાં લેતાં, અમે ઉપરોક્ત દલીલ સ્વીકારવાની અને પ્રતિવાદી નં. ૪ને, નિગમ દ્વારા નિર્ધારિત મૂળભૂત પાત્રતા ન હોવા છતાં, ફ્લાયઓવરો પૂર્ણ કરવાની પરવાનગી આપવાની પ્રસ્તાવના રાખતા નથી. આ સંદર્ભમાં, ટેન્ડરની આવશ્યક શરતોમાંથી વિચલનના પ્રશ્ન અંગે, એ.આઈ.આર. ૨૦૦૧ એસ.સી. ૬૮૨માં અહેવાલિત વેસ્ટ બંગાલ સ્ટેટ ઈલેક્ટ્રિસિટી બોર્ડ વિ. પટેલ એન્જિનિયરિંગ કો. લિ.ના કેસમાં સર્વોચ્ચ અદાલતે કરેલા નીચેના નિરીક્ષણો પર અમે પ્રાથમિક રીતે આધાર મૂકી શકીએ:

ટેન્ડર/બિડની પ્રક્રિયાની પવિત્રતા અને અખંડિતતા જાળવી રાખવી તેમજ કરારનું અનુદાન પણ જાળવવું અનિવાર્ય છે. અપીલકર્તા, પ્રતિવાદી ક્રમાંક ૧ થી ૪ તથા પ્રતિવાદી ક્રમાંક ૧૦ અને ૧૧ તમામ આઈ.ટી.બી.થી બંધાયેલા છે, જેનું કડકપણે પાલન થવું જોઈએ. આ પ્રકાર અને વ્યાપ ધરાવતા કાર્યમાં, જ્યાં માત્ર પૂર્વલાયકાત પૂર્ણ કરનાર બિડદાતાઓને જ બિડ કરવા આમંત્રિત કરવામાં આવે છે, ત્યાં સૂચનાઓના પાલનને માત્ર અતિશય ઔપચારિક અભિગમ ગણાવી અવગણી શકાય નહીં; નહીં તો તે ભેદભાવ, મનમાની અને પક્ષપાતને પ્રોત્સાહન આપશે અને તેના માટે અવકાશ ઊભો કરશે, જે કાનૂનના શાસન અને આપણા બંધારણીય મૂલ્યોના સંપૂર્ણ વિરોધમાં છે. નિયમો/સૂચનાઓ બહાર પાડવાનો મૂળ હેતુ જ તેમનું અમલીકરણ સુનિશ્ચિત કરવાનો છે, જેથી કાનૂનના શાસનનું બલિદાન ન થાય. રાજ્ય અથવા તેની સંસ્થાઓ (અપીલકર્તા) દ્વારા, જો આઈ.ટી.બી. હેઠળ તેવી જોગવાઈ ન હોય, તો કોઈ એક બિડદારના પક્ષે નિયમ અથવા શરતમાં શિથિલતા અથવા છૂટછાટ આપવાથી અન્ય બિડદાતાઓના મનમાં યુક્તિસંગત શંકા ઊભી થશે, પારદર્શિતા અને ન્યાયસંગતતાના નિયમને હાનિ પહોંચશે અને કરાર અનુદાન માટે રાજ્યની સંસ્થાઓ પોતાની મનસ્વી ઇચ્છા મુજબ બિડદાર પસંદ કરી શકે તે માટે હેરફેરનું દ્વાર ખુલ્લું મૂકાશે, જાણે કોઈ અનુગ્રહ અથવા દાનનું વિતરણ કરાતું હોય તેમ. અમારી દૃષ્ટિએ, એવો અભિગમ હંમેશા ટાળવો જોઈએ. જ્યાં નિયમો હેઠળ કોઈ નિયમ અથવા શરતમાં શિથિલતા લાવવાની અથવા છૂટછાટ આપવાની સત્તા અસ્તિત્વમાં હોય, ત્યાં તે નિયમોનું કડક પાલન કરીને જ કરવું પડે. તેથી, આઈ.ટી.બી. અથવા નિયમોનું પાલન કરવું એ અનુસરવાનો શ્રેષ્ઠ સિદ્ધાંત છે અને તે જ સર્વોત્તમ જાહેર હિતમાં પણ છે, એવો નિષ્કર્ષ નોંધવામાં અમને કોઈ સંકોચ નથી.

૧૭.૧ અમારી સમક્ષના પ્રકરણમાં, નિગમના હસ્તે કલમોના પરિત્યાગનો કોઈ અધિકાર અનામત રાખવામાં આવેલ હોય તેવી કોઈ જોગવાઈ પણ નથી

અમે ઉપર ઉદ્ધૃત કરેલ મુજબ ૩.૧ અને ૪.

૧૮. નોંધ પરના સમગ્ર સામગ્રીના વિચારણા પછી, તેથી, અમે એવો નિર્ધાર કરીએ છીએ કે હાલના કેસના તથ્યોમાં, એવો ટેન્ડર મંજૂર કરવા માટે કોઈ મૂળભૂત લાયકાત ન ધરાવતા પ્રતિવાદી નં. ૪ ની નિગમે પસંદગી કરવી જોઈએ નહોતી. અનુસંધાને, અમે પ્રતિવાદી નં. ૪ ના પક્ષે અમલમાં મૂકાયેલ કાર્યઆદેશ રદ કરીએ છીએ. તેમ છતાં, અન્ય ભાગ લેનાર ઠેકેદારોમાંથી નવો ઠેકેદાર પસંદ કરવો કે તાજા ટેન્ડર દ્વારા પસંદગી કરવી તે નક્કી કરવાનું નિગમ માટે રહેશે. તેમ છતાં, કારણ કે પ્રતિવાદી નં. ૪ એ અમારી દ્વારા આ રિટ–અરજી સ્વીકારવામાં આવે તે પહેલાં અંદાજે ૨ માસ સુધી થોડું પ્રારંભિક કામ કર્યું હતું અને થોડા સ્તંભોના બાંધકામનો પ્રારંભ કર્યો હતો, તેથી પ્રતિવાદી નં. ૪ દ્વારા પહેલેથી કરવામાં આવેલ કામ માટે, કરવામાં આવેલ કામના સ્વરૂપને ધ્યાનમાં રાખીને, ચુકવણી કરવી કે નહીં તે નક્કી કરવાનું નિગમ માટે રહેશે. તેમ છતાં, જો તે આ આદેશ અનુસારે નવી નિમણૂક કરાયેલા ઠેકેદારને પ્રતિવાદી નં. ૪ દ્વારા ઊભા કરવામાં આવેલા આંશિક રીતે બનેલા સ્તંભો પર આગળનું બાંધકામ કરવાની મંજૂરી આપવાનું નક્કી કરે, તો સર્વસામાન્ય જનતાની સલામતી અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને, તે અધૂરા સ્તંભો પર આગળ કાર્યવાહી કરતાં પહેલાં તે ઉપયોગમાં લેવાયેલ સામગ્રી તથા બાંધકામની સ્થિરતાની પ્રથમ તપાસ કરશે. પ્રતિવાદી નં. ૪ ની પસંદગી રદ કરીને ઉપર દર્શાવેલ મર્યાદામાં આ રિટ–અરજી અનુસંધાને મંજૂર કરવામાં આવે છે.

હસ્તા./–

(ભાસ્કર ભટ્ટાચાર્ય, મુખ્ય ન્યાયમૂર્તિ.)

એસડી/– (જે.બી.પારડીવાળા, જે.) મૅથ્યુ

**વિષય:–ટેન્ડરની અનિવાર્ય લાયકાત વિના ફાળવેલ ફ્લાયઓવર બાંધકામનો કોન્ટ્રાક્ટ રદ કરતો ગુજરાત વડી અદાલતનો ચુકાદો ઐતિહાસિક આદેશ**

*The translation of this judgement has been provided by M/s Hyperlink E-Solutions Pvt. Ltd.*

**અસ્વીકરણ:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

***DISCLAIMER**: The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.*

---

~~અસ્વીકરણ: સ્થાનિક ભાષામાં અનુવાદીત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહીં. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.~~